ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૬/૨૧-૨૨/ 578 તારીખ : 18 FEB 2022

પ્રતિશ્રી , RPAD

કેસ નં.૬૬/૨૧-૨૨

**વસાયા કોમેલઅબ્બાસ અમીરઅલી.,**
૨૦-બી., ફિરદોસ સોસાયટી,
મહેન્દીબાગ, બસ સ્ટેન્ડ પાસે,
મહુવા જી. ભાવનગર.

**મો : ૯૯૭૮૦ ૬૮૦૮૮.**

**વિષય : ખેતીવાડી વીજ કનેક્શનનો સર્વિસ વાયર બદલી આપવા બાબત.**

સંદર્ભ : આપનો પત્ર તા. ૨૪.૧૧.૨૧.

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( આર.કે. વેગડા )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી,**પાલીતાણા.**

**નકલ રવાના:–**

૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**

૨) શ્રી નાયબ ઈજનેર,પ.ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **તળાજા-૧.**

...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૬૬/૨૧-૨૨ નો હુકમ

**વાદી વસાયા કોમેલઅબ્બાસ અમીરઅલી., મહેન્દીબાગ, બસ સ્ટેન્ડ પાસે,** મહુવા જી. ભાવનગર. દ્વારા તેમના ખેતીવાડી વીજ વપરાશના કનેક્શનનો પોલ બદલી ન આપવાની બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં ઝેડ/ફોરમ/૬૬/૨૧-૨૨/૩૫૨૪ તા.૨૬.૧૧.૨૧ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની તળાજા-૧ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારના સ્થળ પર જઈ ચકાસણી કરી ૩ ફેઝ વાયર બદલી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે.

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમજ તેમના પત્ર ન. ૧૫૫ તા. ૧૦.૦૧.૨૨ તેમજ વાદીના પત્ર તા. ૦૬.૧૨.૨૧ થી ફોરમને તેમના પ્રશ્નનું નિરાકરણ થઇ ગયેલ છે તેમ જણાવેલ છે. આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

**આમ વાદીની ફરિયાદનો ગુજરાત વીજ નીયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ના કલોઝ ન. ૨.૭૧ મુજબ નિરાકરણ કરવામાં આવેલ હોઈ, વાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ. મેહતા) | (એ.એ. જાડેજા) | (એન. સી. મકવાણા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ : ૨૮.૦૧.૨૦૨૨

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar